ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૭/૨૪-૨૫/ 566 તારીખ : 18 JUN 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**વણઝારા આશાજી રાણાજી,**
મુ. મયુરનગર, હળવદ રોડ,
ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર.

કેસ નં.૦૭/૨૪-૨૫

**મો.નં. ૯૬૨૫૫ ૯૬૩૯૮.**

**વિષય : મીટર ફોલ્ટને લીધે મળેલ મોટી રકમનું બીલના પૈસા પરત મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ, અત્રેની કચેરીને મળ્યા તા.૧૨/૦૪/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૭/૨૪-૨૫/૩૪૪ તા.૧૬/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૭/૨૪-૨૫/૪૦૨ તા.૦૧/૦૫/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૦૫/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર .**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા શહેર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૭/૨૪–૨૫** ☜

**વાદી** :– **વણઝારા આશાજી રાણાજી**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૯/૦૫/૨૦૨૪** ◈

હાજર રહયા :– **વણઝારા આશાજી રાણાજી (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી જે. બી. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

વણઝારા આશાજી રાણાજી, મુ.ધ્રાંગધ્રા, જી.સુરેન્દ્રનગર ની મીટર ફોલ્ટને લીધે મળેલ મોટી રકમનું બીલના પૈસા પરત મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૭/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૭/૨૪–૨૫/૩૪૪ તા.૧૬/૦૪/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **૨૯/૦૫/૨૦૨૪** ના રોજ સુરેન્દ્રનગર મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વણઝારા આશાજી રાણાજી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જે. બી. ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ધ્રાંગધ્રા મુકામે મયુરનગર, હળવદ રોડ ખાતે રહીએ છીએ અને મજુરી કામ કરીને અમારૂ ગુજરાન ચલાવીએ છીએ. અમોએ ડીસેમ્બર–૨૦૨૨ માં વીજજોડા મેળવેલ હતું અને પ્રથમ છ માસ સુધી વપરાશ પ્રમાણે રેગ્યુલર વીજબીલ આવતું હતું.

૧.૨ પરંતુ છ માસ પછી અચાનક મીટરમાં ટેકનીકલ ખામી સર્જાતા મીટર ફાસ્ટ થઈ જતાં, ૨૪૯૬ યુનીટનું રૂા.૨૩૭૭૧/– નું બીલ આવ્યું હતું. આ જોતાં મીટરરીડરે અમોને મીટરમાં વધુ યુનીટ ફરતાં મીટર બદલવાની સુચના કરેલ હતી.

૧.૩ જે મુજબ અને મીટર બદલાવવાની અરજી કરતાં, મીટર બદલાવેલ હતું અને ત્યારપછી અમારા રહેણાંકના વપરાશ પ્રમાણે બીલ આવવા લાગેલ. આ બાબતે અમોએ સીટીવિભાગ પી.જી.વી.સી.એલ., ધ્રાંગધ્રા કચેરીએ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

અવારનવાર રજુઆતો કરેલ અને અમારી વાતને ધ્યાને નહી લઈને રૂપિયા ભરો નહીતો કનેકશન કાપી નાખવામાં આવશે, એવી અવારનવાર ધમકીઓ તથા અમારા ઘરે ઉઘરાણી કરતા હતાં. જેના લીધે મે બીલ પેટેના રૂપિયા ભરી દીધેલ છે.

૧.૪ તો આપ સાહેબને નમ્ર અરજ છે કે, મારી પાસેથી ખોટી રીતે વસુલેલા રૂપિયા મને પાછા અપાવવા ઘટતું કરશોજી.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહકશ્રી આશાજી રાણાજી વણઝારા ગ્રાહક નં.૨૪૯૦૨/૧૭૩૮૧/૬ ને તા.૦૮/૧૨/૨૦૨૨ ના રોજ ઘરવપરાશ ના હેતુ માટે ૧ કે.ડબલ્યુ. નું વીજ કનેકશન આપવામાં આવેલ. તેનું પ્રથમ બીલ તા.૦૨/૦૩/૨૦૨૩ ના રોજ ૧૫૦ યુનીટનું આપવામાં આવેલ, ત્યારબાદ તેમને બીજુ બીલ તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ ૩૦૫ યુનીટનું આપવામાં આવેલ અને ત્રીજું બીલ તા.૦૩/૦૭/૨૦૨ ના રોજ ૩૧૦ યુનીટનું આપવામાં આવેલ.

૨.૨ ત્યારબાદ તેમને મીટર રીડર દવારા એકસાથે ૨૪૯૬ યુનીટનું બીલ આપવામાં આવેલ. ત્યારબાદ ગ્રાહક દવારા તા.૧૮/૦૭/૨૦૨૩ ના રજો ફાસ્ટમીટરની અરજી કરવામાં આવેલ.

૨.૩ જે અનુસંધાને ગ્રાહકનું મીટર તા.૦૩/૧૧/૨૦૨૩ ના રોજ બદલી આપવામાં આવેલ હતું. ત્યારબાદ તેને લેબ પરીક્ષણ માટે મોકલવામાં આવતાં, એમ.આર.આઈ. લેવામાં આવતાં, મીટર બરોબર માલુમ પડેલ. જેમાં તારીખ પ્રમાણે રીડીંગ જોતાં, મીટર રીડર દવારા શરૂઆતના ૩ બીલ ઓછા યુનીટના બનાવવામાં આવેલ, તે જોતાં જે મીટર રીડરે ઓછા યુનીટનાં બીલ બનાવેલ છે, તેમના ખુલાસો અત્રેની કચેરી દવારા પુછવામાં આવેલ છે.

૨.૪ જે તે સમયે ઓછા રીડીગ લીધેલ હોય તે એમ.આર.આઈ. મુજબ ચકાસતાં પ્રથમ ૧૫૨૮ યુનીટ, બીજુ બીલ ૩૬૯ યુનીટ, ત્રીજુ બીલ ૬૫૦ યુનીટ તથા ચોથુ બીલ ૭૧૪ યુનીટનું બનતું હતું, જેથી ગ્રાહકને તેમાં સ્લેબ વાઈઝ ગણતરી કરી, રૂા.૨૬૩૩.૫૬ નો ફાયદો થતો હતો અને ગણતરી કર્યા બાદ સદર ગ્રાહકને તા.૨૩/૦૫/૨૦૨૪ ના રોજ ફોન કરીને ઓફીસે રૂબરૂ બોલાવતાં તેમને સદર બીલમાં રૂા.૨૬૩૩.૫૬ જમા મળવા પાત્ર થાય છે, તેમ સમજાવેલ પંરતુ તેઓ દવારા તે માન્ય રાખવામાં આવેલ નથી.

**☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર વણઝારા આશાજી રાણાજી, ધ્રાંગધ્રા ખાતે ગ્રાહક નં.૨૪૯૦૨/૧૭૩૮૧/૬ થી ઘરવપરાશનું કનેકશન ૧ KW નું ધરાવે છે તથા પ્રતિવાદી દવારા તેમને જુલાઈ–ઓગસ્ટ બીલ્ડ ઈન સપ્ટેમ્બર–૨૩ ફોલ્ટી મીટરનું આપવામાં આવેલ ૨૪૯૬ યુનીટનું રૂા.૨૩૭૭૧.૪૨ સામે વાંધો હોય, ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૯/૦૫/૨૦૨૪ ની રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે, જેમાં બન્ને પક્ષકારો હાજર રહયા છે અને પોતાની રજુઆતો કરેલ છે.

Consumer Grievances Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ વાદીને તા.૦૮/૧૨/૨૦૨૨ ના રોજ વીજકનેકશનનું મીટર લગાવ્યા બાદ પ્રથમ ત્રણ બીલ અનુક્રમે ૧૫૦, ૩૦૫ અને ૩૧૦ યુનીટનાં આપવામાં આવેલ. જયારે ત્યારબાદનું બીલ જુલાઈ–ઓગસ્ટ બીલ્ડ ઈન સપ્ટેમ્બર–૨૩ નું ૨૪૯૬ યુનીટનું આપવામાં આવેલ. જેને લઈને ગ્રાહકની ફાસ્ટ મીટરની અરજી તા.૧૮/૦૭/૨૦૨૩ ના આધારે તા.૦૩/૧૧/૨૦૨૩ ના રોજ મીટર બદલી અને લેબ પરીક્ષણ તા.૦૫/૧૨/૨૦૨૩ ના રીપોર્ટના આધારે મીટરનો એમ.આર.આઈ. લેતાં, મીટર બરોબર માલુમ પડેલ છે અને રીડીંગ પ્રથમ ૩ બીલમાં ઓછા નોંધવામાં આવ્યા હોવાનું માલુમ પડેલ છે. એમ.આર.આઈ. રીપોર્ટના આધારે પ્રથમ બીલ ૧૫૨૮ યુનીટ, બીજુ બીલ ૩૬૯ યુનીટ અને ત્રીજુ બીલ ૬૫૦ યુનીટનું બનવાપાત્ર હતું, જે વપરાશને ઘ્યાને લેતાં સબંધિત મીટર રીડર દવારા ઓછા વીજ વપરાશના બીલો બનાવવાનું ફલિત થાય છે.

૩.૪ પ્રતિવાદી દવારા વાદીની ફોરમને અરજી કર્યા બાદ ૨૪૯૬ યુનીટના બીલની સમીક્ષા કરી, જે તે સમયના પ્રવર્તમાન ટેરીફને ઘ્યાને લઈ, સ્લેબ વાઈઝ બીલ કરીને, ગ્રાહકને તફાવતની રકમ રૂા.૨૬૩૩.૫૬ ની રકમ જમા આપવાપાત્ર હોવાનું ગ્રાહકને જણાવેલ છે.

આ સાથે પ્રતિવાદી દવારા વાદીના શરૂઆતના વીજબીલોમાં યુનીટ પેન્ડીંગ રાખી ઓછું બીલ બનાવનાર સબંધિત મીટર રીડરો સામે કાર્યવાહી કરી હોવાનું રેકોર્ડ પણ ફોરમને રજુ કરેલ છે.

૩.૫ ઉપરોક્ત તારણો, બીલીંગ રેકોર્ડ અને અન્ય દસ્તાવેજી પુરાવા ઘ્યાને લઈ ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, વાદીને ૨૪૯૬ યુનીટનું આપવામાં આવેલ બીલ વીજ વપરાશનું છે. ફાસ્ટ મીટરનું નહી. માટે વાદીને ભરવાપાત્ર છે. પ્રતિવાદી દવારા કરવામાં આવેલ કાર્યવાહી બરોબર માલુમ પડે છે, વાદીની ફરીયાદનો નિકાલ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(શ્રી પી. જે. મહેતા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અઘ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૯/૦૫/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar